ગાંધીનગર સમાચાર

હાશ... બેંકોમાં લાઈનો ઘટી : નાગરિકોને રાહત

ગાંધીનગર, તા.૨૧

આખરે શહેરમાં આવેલ બેંકોની બહાર લાગતી લાંબી લાઈનો ઓછી થઈ ગઈ છે. આજે દરેક બેંકમાં માત્ર ખાતેદારને જ એક્ષચેન્જ કરી આપતા હોવાથી બેંકમાં સામાન્ય દિવસ જેવો માહોલ રહ્યો હતો. દસ દસ દિવસથી બેંકોની બહાર રૂપીયા બદલાવા માટે નાગરીકોની ભારે ભીડ જોવા મળી હતી. માત્ર રૂ.૨૦૦૦ જ એક્ષચેન્જ કરી આપતા હોવાથી બેંકમાંથી નાગરીકોનો ધસારો ઓછો થઈ ગયો છે. શહેરની બેંક આગળ ભીડ ન જોતા અને બેંકો પણ ખાલીખમ લાગતા આજે ગાંધીનગરાઓ બેકોમાં દોડી પહોંચ્યા હતા અને બેંકીગ સેવાનો લાભ મેળવયો હતો. શહેરમાં વિવિધ સ્થળો પર આવેલ ખાનગી અને રાષ્ટ્રીયકૃત બેંકમાં ગ્રાહકોએ ડીપોઝીટ કરાવવા પડાપડી કરી હતી. ત્યારે દિવસો બાદ ગ્રાહકોનો ધસારો ઓછો થતા બેંક કર્મચારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. જયારે કેટલીક બેંકમાં રૂપીયા ખાલી થઈ જવાથી ગ્રાહકોને પાછા મોકલવાનો વારો આવ્યો હતો. ત્યારે અન્ય બેંકોએ જરુરીયાતમંદ નાગરીકોને રૂપીયા એક્ષચેન્જ કરી આપ્યા હતા. શહેરમાં મોટાભાગના વિવિધ બેંકના એટીએમ કાર્યરત થઈ ગયા છે.જેથી નાગરીકોને મોટી રાહત થવા પામી છે.

નોટબંધીને પગલે છેલ્લા દસ દિવસથી જાહેરજીવન પ્રભાવિત થવા પામ્યું હતું. બેંક બહાર રૂપીયા બદલાવા માટે રોજ લાંબી કતારો સર્જાતી હતી. બેંક કર્મચારીઓ કલાકો સુધી કામ કરતા નજરે પડતા હતા. બેંકો સમય બાદ પણ વધુ સમય કાર્યરત રાખવાની તંત્ર દ્વારા ફરજ પડી હતી. નાગરીકોને ડગલે ને પગલે દરેક ચીજવસ્તુની ખરીદી માટે પૈસાની જરુરત પડતી હતી. પરંતુ માર્કેટમાં છુટા ન હોવાથી નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા હતા. ત્યારે દસ દિવસ બાદ માર્કેટમાં આજે ચહલ પહલ જોવા મળી હતી. બેંક દ્વારા માત્ર રૂ.૨૦૦૦ એક્ષચેન્જ કરી આપશે અને હાથ પર સહીનું નિશાન કરવાનું કહેતા જ લાઈન આપોઆપ ઓછી થઈ ગઈ છે. ત્યારે શહેરની બેંકની આસપાસમાંથી ભીડ જાણે ગાયબ થઈ જવા પામી છે. આજે બેંક ખાતેદારોએ લાઈન ઓછી હોવાથી ડીપોઝીટ જમા કરાવવા પડાપડી કરી હતી. જયારે બેંકે પણ માત્ર ખાતેદારોને જ એક્ષચેન્જ કરી આપવાનું નક્કી કરતા લાઈન ટુંકી થઈ જવા પામી છે. શહેરના મોટાભાગના એટીએમ ચાલુ થઈ જતા રાહત થઈ છે. જયારે બેંક કર્મચારીઓએ પણ દસ દિવસ બાદ રાહતનો શ્વાસ લીધો છે.

વાતવાતમાં

● ગાંધીનગર શહેરના સેકટર-૨૩નાં આંતરીક માર્ગ પરથી પસાર થઈ રહેલ એક દિકરીને ભમરા કરડયા હતા. ભમરા કરડતા શરીરે સોજા આવી જતા તાત્કાલીક શહેરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જયાં તેણીને સારવાર આપવામાં આવી હતી.

● શહેરના ગ-૨ સર્કલ પાસે રીક્ષા સર્કલને અથડાઈ હોય તેવા દૃશ્યમાં બે દિવસથી ઉભી છે. પરંતુ આ રીક્ષા લેવા કોઈ નહીં આવતા રીક્ષા બગડેલી છે કે આગળનું ટાયર નહી હોવાથી કોઈ મદદ વિના ખસેડી શકતું નથી તે તપાસનો વિષય છે.

● શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઓડીટોરીયમની બહાર શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોને પાણી તેમજ બિસ્કીટની વિતરણ વ્યવસ્થા રાખવામાં આવી હતી પરંતુ બાળકો એક સાથે ધસી જતા બિસ્કીટ અને પાણીમાં અવ્યવસ્થા સર્જાઈ હતી. જેને પગલે કેટલાક બાળકોને પાણીની બોટલ હાથ ન લાગતા રોષે ભરાયા હતા.

● કુડાસણ-કોબા રોડને સમાંતર સર્વીસ રોડ પર સ્ટ્રીટ લાઈટ આવી જતા આખા વિસ્તારની રોનક ફેરવાઈ જવા પામી છે. શહેરીજનોને શિયાળાના દિવસોમાં સ્ટ્રીટ લાઈટના લીધે રાહત અનુભવાતા હર્ષની લાગણી ફેલાઈ છે.

વિધાનસભા ભવન ખાતે ૨૭મીએ ગણેશ માવળંકરના તૈલચિત્રને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૨૧

રાજયની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપી બની રહેનાર

રાષ્ટ્રના મહાનુભાવો અને આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓના તૈલચિત્રો વિધાનસભાના બિલ્ડીંગમાં મુકવામાં આવ્યા છે. આ મહાનુભાવોને તેમના જન્મદિવસે પુષ્પાંજલિ અર્પવાનું વિધાનસભાના અધ્યક્ષે નક્કી કર્યું છે.

આગામીતા. ૨૭-૧૧-૨૦૧૬ના રોજ ગણેશ વાસુદેવ માવળંકરનો ૧૨૯મો જન્મદિવસ હોવાથી સવારના ૧૧.૦૦ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલા પોડિયમમાં તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પવામાં આવશે.

'માવળંકર દાદા'ના હેતાળ નામથી લોક હૃદયમાં પ્રતિષ્ઠિત બનેલા, રાષ્ટ્રના મુકિત સંગ્રામમાં દરેક તબક્કે તેમણે ભાગ લીધો હતો. તેઓ ભારતની ઉગતી સંસદીય લોકશાહીમાં સંગીન પ્રણાલિકાઓ પાડનાર આદર્શ અધ્યક્ષ હતા. તો આપણા આવા મહાનુભાવના જન્મદિવસે યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વિધાનસભા સચિવાલયના સચિવ ડી.એમ. પટેલે સૌને હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

રાજેશ ખન્નાનાં કુડાસણ સ્થિત બંગલામાં તસ્કરોનો હાથફેરો...!

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા કુડાસણ ગામની સીમમાં સ્થિત રાજેશ ખન્નાનાં બંગલામાં ઘરફોડ ચોરી થઈ હોવાના મેસેજથી પોલીસ દોડતે થઈ ગઈ હતી. તપાસ કરતા નવકાર બંગલોઝમાં ઘરફોડ ચોરી તો થઈ હતી પરંતુ તે ફિલ્મ સ્ટાર સ્વ.રાજેશ ખન્ના નહિ પરંતુ એરફોર્સમાંથી નિવૃત્ત થયેલા રાજેશ ખન્નાનાં બંગલામાં થઈ હતી. પરિવાર સાથે જમ્મુ-કશ્મિર ફરવા ગયેલા કુડાસણનાં રાજેશ ખન્ના પરત આવ્યા ત્યા સુધીમાં તેમના બંગલાનાં મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદરથી ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ.૨૯ હજારની મત્તાની ઉઠાંતરી કરી તસ્કરો રફૂચક્કર થઈ ગયા હતા. ઈન્ફોસિટી પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ એરફોર્સમાંથી નિવૃત્ત થયેલા મુળ ઉત્તરાખંડનાં અને હાલ ગાંધીનગર નજીક કુડાસણની સીમમાં આવેલા નવકાર બંગ્લોઝમાં બંગલા નં.કે-૨૪ ખાતે રહેતા રાજેશ ઈન્દ્રનાથ ખન્ના તેમની પત્ની મધુ ખન્ના સાથે જમ્મુ-કશ્મિરની વાદીઓમાં ફરવા ગયા હતા. ૩૦ સપ્ટેમ્બરથી ૪ નવેમ્બર દરમ્યાન તેમના બંગલાને તાળુ મારી તેઓ ફરવા ગયા હતા અને પરત ફર્યા ત્યારે ઘરે આવીને જોયુ તો તેમના બંગલાનાં મુખ્ય દરવાજાનું તાળુ તુટેલુ હતુ. બંગલામાં ઘુસીને તસ્કર ટોળકીએ અંદર પ્રવેશી ચાંદીના દાગીના તથા રોકડ રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૨૯ હજારની મત્તા હાથમાં આવી જતા તેની ઉઠાંતરી કરી ટોળકી ફરાર થઈ ગઈ હતી. હવે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ઘરફોડ અંગે ફરિયાદ આપતા પી.એસ.આઈ વી.આર.ચૌધરીએ ગુનો દાખલ કરીને એફ.એસ.એલની ફિંગર પ્રિન્ટ નિષ્ણાતની ટીમ તથા ડૉગ સ્કવોર્ડ બોલાવી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ચિલોડા ખાતે કેન્સર જાગૃતિ અભિયાન આયુષ દ્વારા ફિલ્મ શૉ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા.૨૧

ચિલોડા ખાતે કેન્સર જાગૃતિ અભિયાન આયુષ આયોજિત ફિલ્મ શો દ્વારા કેન્સરની પ્રાથમિક જાણકારી, સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશય કેન્સર વિશેની જાણકારી, વ્યસનોથી શરીર પર થતી ગંભીર અસરો, મોઢાંના કેન્સરની માહિતી દર્શાવતી એક ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ શોના વિશેષ આકર્ષણ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માનાં કલાકાર જેઠાલાલ (દિલીપ જોષી) તથા દયાભાભી (દિશા વાકાણી) તથા સુપ્રસિદ્ધ હાસ્ય કલાકર સાંઈરામ દવે દ્વારા હળવી શૈલીમાં વિશેષ સંદેશ સાથે કેન્સર અંગેની વિસ્તૃત જાણકારી ફિલ્મ શો દ્વારા આપવામાં આવી હતી.

હોસ્પિટલના નર્સિંગ સ્ટાફને સરકારી મકાન માટે હવાતિયા

૭૮ સ્ટાફ કર્મચારીઓની અરજીમાં સિવિલ સર્જન સહી કરતા ન હોવાથી ઓનલાઈન અરજી સબમીટ કરી શકતા નથી

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં તાજેતરમાં અંદાજીત ૧૪૦ સ્ટાફ નર્સિંગની ભરતી કરવામાં આવી છે. આ સ્ટાફને રોજ આવન-જાવન કરવુ પોસાય તેમ નથી. તેથી મકાન માટે અરજી કરી છે પરંતુ ૭૮ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓની મકાન મેળવવા માટેની અરજીમાં છેલ્લા કેટલાય સમયથી સિવિલ સર્જન નજર અંદાજ કરતા હોવાથી સ્ટાફ ઘર મેળવવા આમથી તેમ હવાતિયા મારી રહ્યા છે. સિવિલ સર્જનની સહી બાદ જ કર્મચારીઓ સેકટરમાં મકાન માટે અરજી કરી શકે તેમ છે કારણ કે સંકુલમાં એક પણ મકાન ખાલી નથી. ત્યારે હોસ્પિટલમાં કામ કરતા સ્ટાફને પાંચ કિલોમીટરના દાયરામાં રહેવાનું હોવાથી ના છુટકે કર્મચારીઓને શહેરમાં નાનાકડા રૂમનું મસમોટું ભાડુ ચુકવવુ પડે છે. ત્યારે સરકારી લાભથી વંચિત રહી જતા કર્મચારીઓ સરકારી મકાન ઝડપી મળી રહે તેવી આશ લગાવીને બેઠા છે.

રાજયની સાત મેડીકલ કોલેજ માટે તાજેતરમાં નર્સિંગની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત શહેરની હોસ્પિટલને પણ અંદાજે ૧૪૦ નર્સિંગ સ્ટાફ મળવા પામ્યો છે. ત્યારે મોટાભાગના કર્મચારી ભાઈ બહેનો દુરથી આવતા હોવાથી કયારેક નોકરીમાં પણ વહેલા મોડુ થતુ રહેવાથી મેટ્રનના રોષનો ભોગ બનવુ પડે છે. ત્યારે હોસ્પિટલમાં ફરજ બજાવતા હોવાથી ગમે તેવી ઈમરજન્સીમાં બોલાવે ત્યારે ઝડપથી આવી જઈ શકે તે માટે કર્મચારીઓને પાંચ કિલોમીટરના દાયરામાં રહેવુ પડે છે. તેવા સમયે સંકુલમાં એક પણ કવાર્ટર ખાલી નથી. સેકટરોમાં મકાન મેળવવા ઓન લાઈન અરજી સમયે સિવિલ સર્જનની ફરજીયાત છે ત્યારે ૭૮ નર્સ સ્ટાફની પેન્ડીંગ અરજીઓમાં ઘણો સમય વિત્યો હોવા છતા સહી નહી કરી હોવાથી કર્મચારીઓ મકાન મેળવવા દોડા દોડી કરી રહ્યા છે. ત્યારે કયારે સહી થઈ ને કાગળ હાથમાં આવે છે તેની રાહ જોઈને કર્મચારીઓ બેઠા છે.

ચિલોડા ખાતે વિશ્વ અકસ્માત સંભારણા દિન ઉજવાયો

ચિલોડા, તા.૨૧

તાલુકાના ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે જી.વી.કે. ઈમરજન્સી મેનેજમેન્ટ-એમ્બ્યુલન્સ ૧૦૮ દ્વારા ૨૦મી નવેમ્બર-અકસ્માત સંભારણા દિન નિમિત્તે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ચિલોડા લોકેશન ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા કોઈ પણ અકસ્માત કરીશ નહીં, અકસ્માત ન થાય તેની તકેદારી રાખીશ, કટોકટીના સમયે અકસ્માત થાય તો તુરંત જ ૧૦૮ને કોલ કરીશ, ઈજાગ્રસ્ત વ્યકિતને મદદ કરીશ, મહામુલી જિંદગી બચાવવા પ્રયત્ન કરીશ તેવા વચનબધ્ધ રીતે હરહંમેશ ટ્રાફીક વિકટીમના સંભારણા દિનની ઉજવણી પ્રસંગે મીણબત્તી દ્વારા દીવા પ્રગટાવી તથા રોડ અકસ્માતમાં અવસાન પામેલ વ્યકિતના આત્માને શાંતિ તથા બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં પીએસઆઈ વી.એન. પઠાણ, નટુભાઈ પટેલ-પત્રકાર, ઈએમ.ટી., જિતેન્દ્રસિંહ ચાવડા, કલ્પિતભાઈ, ડૉ. સંજયભાઈ, ધરમસિંહ, જયદિપસિંહ, ચિરાગ પટેલ, છનાભાઈ રબારી તથા પોલીસ સ્ટાફ વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

હાથે દુપટ્ટો બાંધી પ્રેમી યુગલનો ઝુંડાલ કેનાલમાં આપઘાત

ગાંધીનગર, તા.૨૧

અમદાવાદનાં દસક્રોઈ તાલુકામાં આવેલા ભાવડા ગામમાં રહેતા પ્રેમી યુગલે બે દિવસ પહેલા ઘર છોડી દીધુ હતુ. ગઈ કાલે પ્રેમીએ ઝુંડાલ નર્મદા કેનાલ બહાર બાઈક અને મોબાઈલ મુકીને પ્રેમિકા સાથે હાથે દુપટ્ટો બાંધી કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી. બંનેના મૃતદેહ તણાઈને જાસપુર સુધી પહોંચી ગયા હતા. ગઈ મોડી સાંજે બંનેના મૃતદેહ જાસપુર કેનાલમાંથી મળી આવતા મૃતદેહ બહાર કઢાવી સાંતેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. પ્રેમી યુગલનો સંબંધ લગ્નસંબંધમાં પરિણમે તેવી આશા ન વર્તાતા બંનેએ ફાની દુનિયાને અલવિદા કરવાનો નિર્ણય લઈ આપઘાત કરી લીધો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદનાં દસક્રોઈ તાલુકામાં આવેલા ભાવડા ગામમાં રહેતી ૨૦ વર્ષિય યુવતી ઉર્વશી ઉર્ફે પમ્મી પ્રવિણભાઈ વાઘેલા અને તેનો પડોશી યુવાન પિન્ટુ પોપટભાઈ ઠાકોર બંને એકબીજાનાં ગાઢ પ્રેમમાં પડી ગયા હતા. તેમના પ્રેમ સંબંધ લગ્ન સુધી પરિણમે તેમ ન હોય તેમ લાગતા આખરે તેમને ઘર છોડી દીધુ હતુ અને બે દિવસ પહેલા ઘરેથી નિકળી ગયા હતા. ગઈ કાલે ગાંધીનગર નજીક ઝુંડાલ નર્મદા કેનાલ બહાર બાઈક પાર્ક કરી પિન્ટુએ તેનો મોબાઈલ અને બાઈક મુકીને ઉર્વશીના હાથ સાથે દુપટ્ટાથી પોતાના હાથ બાંધી દીધા હતા અને બંને એ એકબીજાનાં હાથ બાંધી કેનાલમાં છલાંગ મારી આપઘાત કરી લીધો હતો. કેનાલમાં પાણીનાં પ્રવાહમાં બંનેના મૃતદેહ તણાઈને છેક સબાસપુરથી જાસપુર વચ્ચે કેનાલમાં પહોંચી ગયા હતા. મૃતક ઉર્વશીનાં સગાનું ધ્યાન જતા સાંતેજ પોલીસને બોલાવી મૃતદેહ બહાર કઢાવ્યા હતા. બંનેના મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને સાંતેજ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

બી.બી.એના વિદ્યાર્થીઓ સહજાનંદ લેસર ટેકનોલોજીની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના ૭૪ વિદ્યાર્થીઓએ ગાંધીનગર ખાતે આવેલ ઉપરોક્ત કંપનીની મુલાકાત લીધી હતી. પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓની આ બીજી ઔદ્યોગિક મુલાકાત હતી.

કંપનીના એકઝીકયુટીવ ડાયરેક્ટર શ્રી.એન. ભાસ્કર દ્વારા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ તેમણે વિદ્યાર્થીઓને પ્લાન્ટ ની મુલાકાત બાદ સમગ્ર પ્લાન્ટ વિષે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં ફાઈબર લેસર કટિંગ મશીનનાં પ્રથમ ઉત્પાદક પ્લાન્ટ તરીકેનું ગૌરવ આ પ્લાન્ટને મળેલ છે. તેમજ જાપાન સહીતનાં દેશો પહેલા તેનું અમલીકરણ કરવામાં સફળતા મેળવી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે વિશ્વ નાં પ્રથમ ફાયબર લેસર કટિંગ મશીનનાં ઉત્પાદક તરીકે અહીં અમારો પ્લાન્ટ કાર્યરત છે. જેની મુલાકાત લેવી તે વિદ્યાર્થી માટે ગૌરવની બાબત હતી. તેમને વિદ્યાર્થીઓને ખુબ પ્રોત્સાહિત કર્યા હતા તેમજ જણાવ્યું હતું કે કંપનીનાં વ્યવસાયિક સંબંધો બ્રિટન, અમેરિકા, ચીન, જર્મની તેમજ ઝીમ્બાબ્વે જેવા દેશો સાથે છે. જ્યાં આયાત-નિકાસ થઈ રહી છે. કંપનીનાં નામે ૨૫ પેટન્ટ થઈ ચુકી છે. જે તેની રીસર્ચ તેમજ નવીનતમ ટેકનોલોજી બાબતનાં અભિગમને સૂચવે છે. જ્વેલરી માર્કિંગ મશીન, ડાયમંડ મશીન, લેસર કટિંગ મશીન જેવી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ઉત્પાદન માટે થાય છે. તેમજ મહતમ કાર્ય યાંત્રિક શકિતનો ઉપયોગ કરીને કરવામાં આવે છે. જેથી માનવ સંસાધનનો દુરુપયોગ ન થાય. તેમજ ઓછા માનવ સંસાધનથી પણ વધારે કાર્ય કરી શકાય. અહીં

ડાયમંડ લેસર સાથે મેડીકલ લેસર પણ તૈયાર કરવામાં આવે છે. વધુમાં તેમણે લેસર ટેકનોલોજી અને તેનાં વિવિધ ઉપયોગ તથા યંત્રોનાં ઉત્પાદન, લેસર કટિંગ, લેસર વેલ્ડીગ મશીન લેસર માર્કિંગ મશીન કે જેનાથી જ્વેલરી પર હોલમાર્ક થઈ શકે. તેમને મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને મશીનરી તેમજ તેની ગુણવત્તા તથા ગ્રાહકો ની સમસ્યા બાબતે કાર્ય કરવા પ્રેરણા આપી હતી. કંપનીને વિક્રમ સારાભાઈ – યુવા વિજ્ઞાન પ્રદ્યોગીકરણ એવોર્ડ, નેશનલ એવાર્ડ એક્સીલન્સી ઈન ઈલેક્ટ્રોનિક, ગેસિયા અવોર્ડ ફોર એક્સીલન્સી તેમજ બેસ્ટ ઈનોવેશન ઈન ટેકનોલોજી જેવા પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય એવાર્ડ મળી ચુક્યા છે. મુલાકાતનાં અંતભાગમાં વિદ્યાર્થીઓની તેમના સાથે પ્રશ્નોતરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓનાં પ્રશ્નોનો સંતોષકારક જવાબ તેમને આપવામાં આવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સમગ્ર મુલાકાત નો અનુભવ વ્યક્ત કરત જણાવ્યું હતો. કે સમગ્ર વિશ્વ માં જાણીતા પ્લાન્ટની મુલાકાત તેમજ ત્યાંથી ઉપયોગી માહિતી મેળવવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. ત્યાર બાદ કોલેજ તરફ થી પ્રો. આશિષ ભુવા દ્વારા કંપની ની સમગ્ર ટીમ, ઍચ. આર. મૅનેજર શ્રી નિલોફર મેડમ તેમજ ડાયરેક્ટર શ્રી એન. ભાસ્કર દ્વારા વિશેષ રૂપે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો. જયેશ તન્ના તથા પ્રો.આશિષ ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું.

રાત્રે સચિવાલય પાછળ જોખમી સ્ટંટ કરતા બાઇકર્સ ઝડપાયા

ધુમ સ્પીડે બાઈક દોડાવી સાત નબીરાઓ સ્ટંટ કરતા હતા: ચાર બાઈક સાથે સાતની ધરપકડ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના પહોળા માર્ગો પર રાત્રીના અરસામાં બાઈકર્સ ગેંગ બેફામ બને છે. રાહદારીઓને ભયમાં મુકી દે તેવી રીતે ધુમ સ્પીડે દોડતા અને જોખમી સ્ટંટ કરતા આ બાઈકર્સ નબીરાઓની અનેક ફરિયાદો પોલીસ સુધી પહોંચી છે. જેને પગલે ગઈ રાત્રે સે-૨૧ પોલીસે વોચ ગોઠવી હતી. જ-માર્ગ થી સચિવાલયના પાછળના માર્ગને જોડતા રસ્તા પર ગઈ રાત્રે પોલીસે બાઈકર્સ પર સપાટો બોલાવ્યો હતો. રેસીંગ કરતા અને સ્ટંટ કરતા સાત નબીરાઓની પોલીસે ધરપકડ કરી લીધી હતી અને તેમના ચાર બાઈક જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની આ કડક કાર્યવાહીથી બાઈકર્સમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

ચિરવિદાય

- સ્વ. નાથાલાલ લાલભાઈ પ્રજાપતિ, ઉ.વ.૭૮
- સ્વ. જગતસિંહ કાળુસિંહ વાઘેલા, ઉ.વ.૮૦
- સ્વ. નલીનીબેન વસંતરાય ભીડે, ઉ.વ.૭૫
- સ્વ. શાંતિલાલ રામદાસ મોચી, ઉ.વ.૭૬
- સ્વ. અંબાલાલ ગલાબજી ઠાકોર, ઉ.વ.૫૦
- સ્વ. હર્ષદરાય શંકરભાઈ ઠાકોર, ઉ.વ.૮૧